| | NPK kg/ha) with 40 kg $MnSO_4$/ha *fb* two foliar sprays of 0.5% $MnSO_4$ at 45-50 DAS and 75-80 DAS for higher grain yield as well as Mn content in grain.<br>ગુજરાત રાજ્યના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ઘઉંની વિવિધ જાતો પૈકી જીડબલ્યુ ૪૯૬ અથવા જીડબલ્યુ ૪૫૧ કોઇ એકની વાવણી કરવી અને ભલામણ કરેલ ખાતર (૧૨૦-૬૦-૦ ના-ફો-પો કિ.ગ્રા./હે.) સાથે મેંગેનીઝ સલ્ફેટ ૪૦ કિ.ગ્રા./હે. પાયામાં તથા વાવણી બાદ ૪૫-૫૦ દિવસે અને ૭૫-૮૦ દિવસે ૦.૫% મેંગેનીઝ સલ્ફેટ દ્રાવણના છંટકાવ કરવાથી ઘઉંમાં મેંગેનીઝની વધુ માત્રા અને ઉત્પાદન મેળવી શકાય છે.<br>***(Action:** Associate Research Scientist, Micronutrient Research Centre, AAU, Anand**)*** |
| **18.2.1.22** | **Response to nitrogen application by different varieties of marvel grass (14.2.3.7)**<br>The farmers of Gujarat state are recommended to plant rooted slips of marvel grass varieties either GMG 1 or GAMG 2 during *kharif* season after receiving first effective rainfall and apply FYM 10 t/ha with 30 kg N/ha as basal and 30 kg N/ha after one month.<br>Further, after each cut, apply 30 kg N/ha as side dressing and 30 kg N/ha at one month after side dressing for obtaining higher green fodder yield and net return<br>ગુજરાત રાજ્યના ખેડૂતોએ ઝિંઝવાની જાત જીએમજી ૧ અથવા જીએએમજી ૨ ના જડિયાની રોપણી ચોમાસાની ઋતુમાં પ્રથમ વાવણીલાયક વરસાદ બાદ કરવી અને પાયામાં ૧૦ ટન/હે. પ્રમાણે છાણિયુ ખાતર તથા ૩૦ કિ.ગ્રા. નાઇટ્રોજન પાયામાં અને ૩૦ કિ.ગ્રા. નાઇટ્રોજન રોપણીના એક મહિના બાદ આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>વધુમાં, દરેક કાપણી બાદ તુરંત ૩૦ કિ.ગ્રા. નાઇટ્રોજન ચાસની બાજુમાં અને ૩૦ કિ.ગ્રા. નાઇટ્રોજન ચાસની બાજુમાં આપ્યાના એક મહિના બાદ આપવાથી લીલાચારાનુ વધુ ઉત્પાદન અને વળતર મેળવી શકાય છે.<br>***(Action:** Research Scientist (Forage), MFRS, AAU, Anand**)*** |
| **18.2.1.23** | **Performance of dual purpose barley under different nitrogen levels and cutting management (14.2.3.8)**<br>The farmers of Middle Gujarat Agro-climatic Zone growing dual purpose barley are recommended to apply 60 kg N/ha (30 kg N/ha as basal and 30 kg N/ha in two equal splits, 15 kg N/ha after cut (6 weeks after sowing *i.e.* 42 days) and remaining 15 kg N/ha at 20 days after first cut) for obtaining higher seed yield and net return.<br>મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં જવનુ વાવેતર કરતાં ખેડૂતોને લીલાચારાનુ તથા બીજનુ વધુ ઉત્પાદન અને વળતર મેળવવા માટે નાઇટ્રોજન ૬૦ કિ.ગ્રા./હે. આપવો જે પૈકીનો ૩૦ કિ.ગ્રા. નાઇટ્રોજન પાયામાં અને ૩૦ કિ.ગ્રા. નાઇટ્રોજન બે સરખા હપ્તામાં, ૧૫ કિ.ગ્રા. નાઇટ્રોજન જવ ઘાસની કાપણી બાદ તુરંત (વાવણીના ૬ અઠવાડીયા એટલે ૪૨ દિવસ બાદ) અને બાકીનો ૧૫ કિ.ગ્રા. નાઇટ્રોજન કાપણીના ૨૦ દિવસ બાદ આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestions:**<br>1. Input cost of organic manure should be included<br>2. Workout the green fodder equivalent yield<br>***(Action:** Research Scientist (Forage), MFRS, AAU, Anand**)*** |
| **18.2.1.24** | **Effect of different organic manures and Bio NPK consortium on yield and quality of *Asalio* (*Lepidium sativum* L.) (14.2.3.12)**<br>The farmers of Middle Gujarat Agro-climatic Zone growing *Asalio* are recommended to apply FYM 10 t/ha as basal application for obtaining higher yield and net return. |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં અસાળિયાની ખેતી કરતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને વળતર મેળવવા માટે છાણિયું ખાતર ૧૦ ટન/હે. પાયામાં આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestions:**<br>1. Include the information of cultural practices<br>2. Change the writing method of year like 2019-20 instead of 2019 in tables<br>***(Action:*** *Associate Research Scientist & Head (M&AP), AAU, Anand)* |
| **18.2.1.25** | **Effect of transplanting date on yield and insect-pest incidence in calcutti tobacco (*Nicotiana rustica* L.) varieties (14.2.3.11)**<br>The farmers of Middle Gujarat Agro-climatic Zone growing calcutti tobacco are recommended to grow either GC 1 or GCT 3 variety and it should be transplanted during 5th to 25th November for getting higher tobacco yield and net return with minimum mosaic virus incidence in tobacco.<br>મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં કલકતી તમાકુની ખેતી કરતાં ખેડૂતોને વધુ ઉત્પાદન, વળતર તથા પંચરગીયા રોગનુ પ્રમાણ ઓછુ મેળવવા માટે ગુજરાત કલકતી ૧ અથવા ગુજરાત કલકતી તમાકુ ૩ જાતની ફેરરોપણી ૫ થી ૨૫ નવેમ્બર દરમ્યાન કરવાની ભલામણ કરવામાં આવે છે.<br>***(Action:*** *Associate Research Scientist & Head (Tobacco), BTRS, AAU, Anand)* |
| **8.2.1.26** | **Nursery management in summer rice (14.2.3.29)**<br>The farmers of Middle Gujarat Agro-climatic Zone are recommended to adopt any of the following in 10 $m^2$ area of summer rice nursery to get higher number of transplantable seedlings at 45 to 55 DAS and net return.<br>20 kg FYM + gibberellic acid 10 mg/L + humic acid 1.66 g/L (foliar spray 15 DAS) + 2% urea & 0.2 % $FeSO_4$ foliar spray at 30 DAS.<br>**OR**<br>20 kg FYM + top dressing 250 g AS 2 times at 15 DAS interval + 2% urea & 0.2% $FeSO_4$ foliar spray at 30 DAS.<br>**OR**<br>10 kg FYM + 5 kg vermicompost + top dressing 250 g AS at 15 DAS + 2% urea & 0.2% $FeSO_4$ solution foliar spray at 30 DAS.<br>મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં ઉનાળું ડાંગરનું ધરૂવાડિયુ કરતા ખેડૂતોને ૧૦ ચો.મી. ના ક્યારા દીઠ ૪૫ થી ૫૫ દિવસે રોપણી લાયક વધારે ધરૂ અને વળતર મેળવવા માટે નીચે દર્શાવેલ પૈકી કોઈપણ એકની ભલામણ કરવામાં આવે છે.<br>૨૦ કિ.ગ્રા. છાણિયું ખાતર + જીબ્રેલિક એસિડ ૧૦ મિ.લિ./લિ.+ હ્યુમિક એસિડ ૧.૬૬ ગ્રામ/લિ. નો છંટકાવ ૧૫ દિવસે અને ૨% યુરિયા અને ૦.૨% ફેરસ સલ્ફેટના દ્રાવણનો છંટકાવ 30 દિવસે કરવો.<br>અથવા<br>૨૦ કિ.ગ્રા. છાણિયું ખાતર + ૧૫ દિવસના અંતરે બે વખત ૨૫૦ ગ્રામ એમોનિયમ સલ્ફેટ પૂર્તિ ખાતર અને ૨% યુરિયા અને ૦.૨% ફેરસ સલ્ફેટના દ્રાવણનો છંટકાવ 30 દિવસે કરવો.<br>અથવા<br>૧૦ કિ.ગ્રા. છાણિયું ખાતર + ૫ કિ.ગ્રા. વર્મિકમ્પોસ્ટ + ૧૫ દિવસના અંતરે ૨૫૦ ગ્રામ એમોનિયમ સલ્ફેટ પૂર્તિ ખાતર અને ૨% યુરિયા અને ૦.૨% ફેરસ સલ્ફેટના દ્રાવણનો છંટકાવ |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | ૩૦ દિવસે કરવો. *(Action: Research Scientist (Rice), MMRS, AAU, Nawagam)* |
| **18.2.1.27** | **Effect of nitrogen levels and seed rate on growth and yield of durum wheat (GADW-3) under Bhal region (14.2.3.14)**<br>The farmers of Bhal and Coastal Agro-climatic Zone VIII growing durum wheat (GADW 3) are recommended to use 90 kg seed/ha and apply 60 kg nitrogen in three splits, 12 kg N/ha as basal, 24 kg N/ha at 21 DAS before first irrigation and 24 kg N/ha at 45 DAS before second irrigation to get higher yield and net return. In addition, 25 kg $P_2O_5$/ha is to be applied as basal.<br>ભાલ અને દરિયાકાંઠા ખેત આબોહવાકીય ઝોન-૦૮ વિસ્તારના ભાલિયા ઘઉં (જીએડીડબલ્યુ ૩) ની વાવણી કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ઘઉંના વાવેતર માટે પ્રતિ હેકટરે ૯૦ કિ.ગ્રા. બીજનો ઉપયોગ કરવાથી અને ૬૦ કિ.ગ્રા. નાઇટ્રોજન ત્રણ ભાગમાં ૧૨ કિ.ગ્રા./હે. પાયામાં, ૨૪ કિ.ગ્રા./હે. વાવણીના ૨૧ દિવસ પછી પ્રથમ પિયત પહેલા અને ૨૪ કિ.ગ્રા./હે. વાવણીના ૪૫ દિવસ પછી બીજા પિયત પહેલાં આપવાથી વધુ ઉત્પાદન અને વળતર મળે છે. વધુમાં ફોસ્ફરસ ૨૫ કિ.ગ્રા./હે. પાયામાં આપવો.<br>**Approved with following suggestion:**<br>1. Analyse the pooled data over locations<br>*(Action: Assistant Research Scientist, ARS, AAU, Dhandhuka)* |
| **18.2.1.28** | **Integrated nutrient management in *kharif* black gram (*Vigna mungo* L.) (15.2.3.109)**<br>The farmers of Middle Gujarat Agro-climatic Zone growing black gram during *kharif* season are recommended to apply either 20 kg N and 40 kg $P_2O_5$/ha as basal or FYM 2 t/ha, vermicompost 250 kg/ha and castor cake 120 kg/ha as basal to get higher yield and net return.<br>મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારના ચોમાસુ અડદની ખેતી કરતાં ખેડૂતોને વધારે ઉત્પાદન અને વળતર મેળવવા માટે ૨૦ કિ.ગ્રા. નાઇટ્રોજન અને ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ પાયામાં આપવો અથવા છાણીયું ખાતર ૨ ટન/હે., અળસિયાનું ખાતર ૨૫૦ કિ.ગ્રા./હે. અને દિવેલી ખોળ ૧૨૦ કિ.ગ્રા./હે. પાયાના ખાતર તરીકે આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestion:**<br>1. Write stover yield instead of straw in tables<br>*(Action: Research Scientist (Agronomy), TRTC, AAU, Devgadh Baria)* |
| **18.2.1.29** | **Performance of *rabi* sweet corn (*Zea mays* L. *saccharata* Sturt.) under different levels of nitrogen, phosphorus and potash applied through drip system (16.2.3.15)**<br>The farmers of Middle Gujarat Agro-climatic Zone growing *rabi* hybrid sweet corn through drip irrigation system (0.8 PEF) are recommended to fertilize the crop with 120 kg N/ha [(105 kg N through urea and 15 kg N through urea phosphate) (24 kg as basal and remaining 96 kg in four equal splits at 20, 30, 40 and 50 DAS)] and 40 kg $P_2O_5$/ha through urea phosphate (08 kg as basal and remaining 32 kg in four equal splits at 20, 30, 40 and 50 DAS) through fertigation to get higher green cob yield and net return.<br>**System details:**<br>• Lateral spacing: 90 cm<br>• Dripper spacing: 45 cm<br>• Dripper discharge: 4 litre per hour (lph)<br>• Operating pressure: 1.2 kg/$cm^2$<br>• Operating frequency: Alternate day |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | • Operating time: 55 Minutes<br>મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારના રવી સીઝનમાં ટપક પધ્ધતીથી સંકર સ્વીટ કોર્ન ઉગાડતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે સંકર સ્વીટ કોર્ન પાકને ટપક પધ્ધતી (૦.૮ પીઇએફ) થી પિયત આપવા અને નાઇટ્રોજન ૧૨૦ કિ.ગ્રા./હે. {(૧૦૫ કિ.ગ્રા. યુરિયાના રૂપમાં અને ૧૫ કિ.ગ્રા. યુરિયા ફોસ્ફેટના રૂપમાં) (૨૪ કિ.ગ્રા. પાયામાં અને બાકીનો ૯૬ કિ.ગ્રા. ચાર સરખા હપ્તામાં ૨૦, ૩૦, ૪૦ અને ૫૦ દિવસના અંતરે)} અને ફોસ્ફોરસ ૪૦ કિ.ગ્રા./હે. (૮ કિ.ગ્રા. પાયામાં અને બાકીનો ૩૨ કિ.ગ્રા. ચાર સરખા હપ્તામાં ૨૦, ૩૦, ૪૦ અને ૫૦ દિવસના અંતરે) યુરિયા ફોસ્ફેટના રૂપમાં ટપક પિયત દ્વારા આપવાથી વધુ ઉત્પાદન અને વળતર મેળવી શકાય છે.<br>ટપક પધ્ધતીની વિગત:<br>• બે ડ્રીપ લાઇન વચ્ચેનુ અંતર : ૯૦ સે.મી.<br>• બે ડ્રીપર વચ્ચેનું અંતર : ૪૫ સે.મી.<br>• ટપકની ક્ષમતા : ૪ લિ./કલાક<br>• દબાણ : ૧.૨ કિ.ગ્રા/ચો.સે.મી.<br>• પિયતનો ગાળો : એકાંતરા દિવસે<br>• ટપક ચલાવવાનો સમય : ૫૫ મિનિટ<br>**Approved with following suggestion:**<br>1. Mention unit of plant population (net plot) in table<br>***(Action:** Research Scientist (Agronomy), TRTC, AAU, Devgadh Baria)* |
| **18.2.1.30** | **Effect of time of sowing and spacing on semi *rabi* black gram (16.2.3.13)**<br>The farmers of Middle Gujarat Agro-climatic Zone are recommended to grow semi *rabi* black gram during first three weeks of September for getting higher yield and net return.<br>મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં અર્ધ શિયાળુ અડદનું વધુ ઉત્પાદન અને વળતર મેળવવા માટે સપ્ટેમ્બર માસના પ્રથમ ત્રણ અઠવાડિયા દરમિયાન વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestion:**<br>1. Delete approximate quantity of production<br>***(Action:** Principal, CoA, AAU, Jabugam)* |
| **18.2.1.31** | **Effect of nitrogen, phosphorus and bio-fertilizer on growth and yield of chickpea under restricted irrigation in Bhal region (14.2.3.25)**<br>The farmers of Bhal and Coastal Agro-climatic Zone growing chickpea under restricted (one) irrigation at 30 DAS are recommended to apply 10 kg N and 40 kg $P_2O_5$/ha at the time of sowing and 10 kg N/ha at 30 DAS for getting higher yield and net return. In addition, FYM 2.5 t/ha is to be applied as basal.<br>ભાલ અને દરિયાકાંઠા ખેત આબોહવાકીય વિસ્તારમાં ૩૦ દિવસે એક પિયતથી ચણાનું વાવેતર કરતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને વળતર મેળવવા માટે ૧૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ/હે. પાયામાં અને ૧૦ કિ.ગ્રા. નાઈટ્રોજન/હે. વાવણીના ૩૦ દિવસ બાદ પિયત પહેલાં આપવાની ભલામણ કરવામાં આવે છે. વધુમાં છાણીયુ ખાતર ૨.૫ ટન/હે. પાયામાં આપવું.<br>**Approved with following suggestions:**<br>1. Write stover yield instead of haulm from the tables |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | 2. Correct the year like 2019-20 and 2020-21 in the tables<br>***(Action:** Associate Research Scientist, ARS, AAU, Arnej)* |
| **18.2.1.32** | **Effect of foliar application of organic and inorganic nutrients sources on growth, yield and quality of green gram [*Vigna radiata* (L.) Wilczek] (14.2.3.26)**<br>The farmers of Middle Gujarat Agro-climatic Zone growing green gram in summer season are recommended to apply,<br>50% RDF (10 kg N and 20 kg $P_2O_5$/ha) as basal *fb* foliar spray of 3% cow urine at pre-flowering stage,<br>**OR**<br>50% RDF (10 kg N and 20 kg $P_2O_5$/ha) as basal *fb* foliar sprays of 10% vermiwash at pre-flowering and pod formation stage for getting higher yield and net return and for saving 50 % of nitrogen and phosphorus.<br>મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં મગનું ઉનાળુ ઋતુમાં વાવેતર કરતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને વળતર મેળવવા તથા ૫૦% નાઇટ્રોજન અને ફોસ્ફરસની બચત માટે મગના પાકને,<br>૧૦ કિ.ગ્રા. નાઇટ્રોજન અને ૨૦ કિ.ગ્રા. ફોસ્ફરસ/હે. પાયાના ખાતર તરીકે અને ૩% ગૌમૂત્રનો ફૂલબેસવાની અવસ્થાએ છંટકાવ કરવો,<br>અથવા<br>રાસાયણિક ખાતર ૧૦ કિ.ગ્રા. નાઇટ્રોજન અને ૨૦ કિ.ગ્રા. ફોસ્ફરસ/હે. પાયાના ખાતર તરીકે અને ૧૦% વર્મિવોશનો ફૂલ બેસવાની અવસ્થાએ અને દાણાં ભરાવવાની અવસ્થાએ છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestion:**<br>1. Write stover instead of haulm in the table<br>***(Action:** Associate Research Scientist, ARS, AAU, Derol)* |
| **18.2.1.33** | **Effect of foliar application of organic and inorganic nutrients sources on growth, yield and quality of black gram [*Vigna mungo* (L.) Hepper] (14.2.3.27)**<br>The farmers of Middle Gujarat Agro-climatic Zone growing black gram in summer season are recommended to apply 50% RDF (10 kg N and 20 kg $P_2O_5$/ha) as basal *fb* foliar sprays of 10% vermiwash at pre-flowering and pod formation stage for getting higher yield, net return and saving of 50 % of nitrogen and phosphorus.<br>મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં અડદનું ઉનાળુ ઋતુમાં વાવેતર કરતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા અડદના પાકને ૧૦ કિ.ગ્રા. નાઇટ્રોજન અને ૨૦ કિ.ગ્રા. ફોસ્ફરસ/હે. પાયાના ખાતર તરીકે અને ૧૦% વર્મિવોશનો ફૂલ બેસવાની અવસ્થાએ અને દાણા ભરાવવાની અવસ્થાએ છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે જેથી ૫૦% નાઇટ્રોજન અને ફોસ્ફરસની બચત થાય છે.<br>**Approved with following suggestion:**<br>1. Write stover instead of haulm in the table<br>***(Action:** Associate Research Scientist, ARS, AAU, Derol)* |
| **18.2.1.34** | **Response of chickpea varieties to irrigation at critical growth stages (15.2.3.112)**<br>The farmers of Middle Gujarat Agro-climatic Zone growing chickpea are recommended to apply three irrigations, first at the time of sowing and remaining two irrigations at branching or at flowering stage and pod development stage for obtaining higher yield and net return.<br>મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં ચણાની ખેતી કરતાં ખેડૂતોને વધુ ઉત્પાદન |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | અને વળતર મેળવવા માટે ચણાના પાકને ત્રણ પિયત આપવા, પ્રથમ વાવણી સમયે તેમજ બાકીના બે પિયત ડાળી ફુટવાની અવસ્થાએ અથવા ફૂલ અવસ્થાએ અને દાણાં ભરાવવાની અવસ્થાએ આપવાની ભલામણ કરવામાં આવે છે. <br> *(**Action**: Associate Research Scientist, ARS, AAU, Derol)* |
| **18.2.1.35** | **Effect of paired row sowing on yield and fibre quality of *desi* cotton under rainfed condition (13.2.3.16)** <br> The farmers of North-West Agro-climatic Zone and Bhal & Coastal Agro-climatic Zone growing rainfed *desi* cotton are recommended to sow cotton in paired row of 30-180-30 cm and plant to plant distance 30 cm apart to get higher seed cotton yield and net return. <br> ઉત્તર-પશ્ચિમ ખેત આબોહવાકીય વિસ્તાર તથા ભાલ અને દરિયાકાંઠા ખેત આબોહવાકીય વિસ્તારના બિનપિયત દેશી કપાસ ઉગાડતાં ખેડૂતોને કપાસનું વધુ ઉત્પાદન અને વળતર મેળવવા માટે જોડિયા હારમાં ૩૦-૧૮૦-૩૦ સે.મી. અંતરે અને બે છોડ વચ્ચે ૩૦ સે.મી. અંતરે વાવેતર કરવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે. <br> ***(Action:** Associate Research Scientist, RCRS, AAU, Viramgam**)*** |
| **18.2.1.36** | **Effect of spacing and nipping on yield of chickpea (14.2.3.33)** <br> The farmers of middle Gujarat agro climatic zone growing chickpea are recommended to sow at spacing of 45 cm x 20 cm and perform nipping at 25 to 35 days after sowing to get higher yield and net return. <br> મધ્ય ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તારમાં ચણાની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામા આવે છે કે ચણાના પાકની વાવણી ૪૫ સે.મી. x ૨૦ સે.મી.ના અંતરે કરવી તેમજ વાવણી બાદ ૨૫ થી ૩૫ દિવસે ડુંખ તોડવાથી વધારે ઉત્પાદન અને વળતર મળે છે. <br> **Approved with following suggestions:** <br> 1. Workout factor wise economics with variable and fixed cost <br> 2. Write stover instead of straw in table <br> ***(Action:** Senior Scientist & Head, KVK, AAU, Dahod**)*** |

## NAVSARI AGRICULTURAL UNIVERSITY

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| **18.2.1.37** | **Fertigation study in cauliflower grow on clay soil of South Gujarat (14.2.3.64)** <br> The farmers of South Gujarat growing cauliflower under drip irrigation system are recommended to apply 5 t/ha bio-compost as basal and recommended dose of fertilizer (100-50-50 kg N-$P_2O_5$-$K_2O$/ha). Apply 100% N in the form of urea (217 kg/ha) and K in the form of muriate of potash (83 kg/ha) through fertigation and 100 % P in the form of single super phosphate (320 kg/ha) as basal for getting higher yield and net income. <br> **OR** <br> Fertigate N, P and K through 100% water soluble fertilizers, 17:44:0 urea phosphate (114 kg/ha) for N and P and remaining N through urea (175 kg/ha) and K in the form of muriate of potash (83 kg/ha) <br> **Fertigation schedule:** |

| Growth stage (Week) | No. of splits | % of total |
|---|---|---|
| | | N & K/P |
| 2 to 3 weeks | 2 | 10 / 40 |
| 4 to 7 weeks | 3 | 50 / 30 |
| 8 to 12 weeks | 3 | 40 / 30 |

**System details:**

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | • Lateral spacing: 1.20 m<br>• Dripper spacing: 0.60 m<br>• Dripper discharge: 4 lph<br>• Operating pressure: 1.20 kg/$cm^2$<br>• Operating time (alternate day): October- 70 -75 min., November- 80-85 min., December- 90-100 min.<br>દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ટપક પિયત પધ્ધતિથી ફ્લાવરનું વાવેતર કરતાં ખેડૂતોને ૫ ટન/હે. બાયો કમ્પોસ્ટ પાયામાં અને ભલામણ કરેલ ખાતરનો જથ્થો (૧૦૦-૫૦-૫૦ કિ.ગ્રા. ના-ફો-પો/હે.) આપવાની ભલામણ કરવામાં આવે છે. ૧૦૦ % ફોસ્ફરસ, સિંગલ સુપર ફોસ્ફેટના રૂપમાં (૩૨૦ કિ.ગ્રા./હે.) પાયામાં નાખીને ૧૦૦% નાઈટ્રોજન યુરિયાના રૂપમાં (૨૧૭ કિ.ગ્રા./હે.) અને પોટેશિયમ મ્યુરેટ ઓફ પોટાશના રૂપમાં (૮૩ કિ.ગ્રા./હે.) ફર્ટીગેશન દ્વારા આપવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મળે છે.<br>અથવા<br>પાણીમાં ૧૦૦% દ્રાવ્ય ખાતરો ફર્ટીગેશન દ્વારા આપવા જેમાં નાઈટ્રોજન અને ફોસ્ફરસ ૧૭:૪૪:૦૦ યુરિયા ફોસ્ફેટના રૂપમાં (૧૧૪ કિ.ગ્રા./હે.) અને બાકીનો નાઈટ્રોજન યુરિયાના રૂપમાં (૧૭૫ કિ.ગ્રા./હે.) અને પોટેશિયમ મ્યુરેટ ઓફ પોટાશના રૂપમાં (૮૩ કિ.ગ્રા./હે.) વાપરવા.<br>ટપક પધ્ધતિ દ્વારા ખાતર આપવાનો કાર્યક્રમ:<br>પાકનો વૃધ્ધિ ગાળો (અઠવાડીયા) \| હપ્તાની સંખ્યા \| કુલ નાઈટ્રોજન અને પોટેશિયમ / ફોસ્ફરસ (%)<br>૨ થી ૩ \| ૨ \| ૧૦ / ૪૦<br>૪ થી ૭ \| ૩ \| ૫૦/ ૩૦<br>૮ થી ૧૨ \| ૩ \| ૪૦/ ૩૦<br>ટપક પધ્ધતિની વિગત:<br>• લેટરલ અંતર: ૧.૨૦ મી.<br>• ડ્રીપર અંતર: ૦.૬૦ મી.<br>• ડ્રીપર દર: ૪ લિ./કલાક<br>• ચલાવવાનું દબાણ: ૧.૨૦ કિ.ગ્રા./ચો.સે.મી.<br>• પધ્ધતિ ચલાવવાનો સમય (એકાંતરે દિવસે): ઓકટોબર- ૭૦-૭૫ મિનિટ, નવેમ્બર- ૮૦-૮૫ મિનિટ, ડીસેમ્બર- ૯૦-૧૦૦ મિનિટ<br>**Approved with following suggestions:**<br>1. Mention year as 2018-19, 2019-20 and 2020-21 instead of 2018, 2019 and 2020 in tables.<br>2. Remove DAP and add SSP in Table No. 1.6<br>3. Remove Table 1.10 from the report.<br>(***Action:*** *Research Scientist, SWMRU, NAU, Navsari*) |
| **18.2.1.38** | **Effect of different methods of irrigation and tillage practices on sweet corn after *kharif* rice (13.2.3.43)**<br>The farmers of South Gujarat growing sweet corn during *rabi* season are recommended to adopt no (Zero) tillage practice with drip irrigation for getting higher yield and net profit along with improvement in soil physical properties. Further, no (Zero) tillage practices also be followed in *kharif* rice.<br>**System details:**<br>• Lateral spacing: 1.20 m |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | • Dripper spacing: 0.60 m<br>• Dripper discharge: 4 lph<br>• Operating pressure: 1.20 kg/cm$^2$<br>• Operating time (alternate day): December- 85-90 min., January- 80-85 min. February- 90-100 min. and March- 100-115 min.<br>દક્ષિણ ગુજરાત વિસ્તારમાં રવિ ઋતુ દરમ્યાન મીઠી મકાઈનું વાવેતર કરતાં ખેડૂતોને વધારે ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવાની સાથે જમીનની ભૌતિક ગુણવત્તા સુધારવા શૂન્ય ખેડ પધ્ધતિ સાથે ટપક પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે. વધુમાં ચોમાસામાં ડાંગરની ખેતીમાં પણ શૂન્ય ખેડ પધ્ધતિ અપનાવવી.<br>પધ્ધતિની વિગત:<br>• લેટરલ અંતર: ૧.૨૦ મી.<br>• ડ્રીપર અંતર: ૦.૬૦ મી.<br>• ડ્રીપર દર: ૪ લિ./કલાક<br>• ચલાવવાનું દબાણ: ૧.૨૦ કિ.ગ્રા./ચો.સે.મી.<br>• ચલાવવાનો સમય (એકાંતરા દિવસે): ડીસે.- ૮૫-૯૦ મિનિટ, જાન્યુ.- ૮૦-૮૫ મિનિટ, ફેબ્રુ.- ૯૦-૧૦૦ મિનિટ, માર્ચ- ૧૦૦-૧૧૫ મિનિટ<br>**Approved with following suggestions:**<br>1. Mention date of TP rice<br>2. Remove first year data of rice from the report<br>3. Add System productivity data in the report<br>4. Mention Date of LAI<br>5. Mention method of sowing in cultural operation<br>6. IWUE data add in the report<br>(***Action:*** *Research Scientist, SWMRU, NAU, Navsari*) |
| **18.2.1.39** | **Response of brinjal to integrated nutrient management under coastal salt affected soils of South Gujarat (14.2.3.66)**<br>The farmers of coastal areas of South Gujarat are recommended to transplant brinjal fllowing ridge and furrow method (90 cm x 60 cm) with application of bio-compost @ 10 t/ha + 125-50-37.5 kg NPK/ha (50% N and 100% P & K as basal and 50% N at 30 DAT) along with application of bio-fertilizers *Azospirillum* + PSB $10^8$ cfu/ml each 1.25 L/ha in soil for achieving higher yield and net returns with improvement in availability of N and $P_2O_5$ of coastal salt affected soils.<br>દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે રીંગણની ફેરરોપણી નિકપાળા પધ્ધતિથી (૯૦ સે.મી. x ૬૦ સે.મી.) કરવી સાથે ૧૦ ટન/હે. બાયોકમ્પોસ્ટ + ૧૨૫-૫૦-૩૭.૫ ના-ફો-પો કિ.ગ્રા./હે. (૫૦% નાઇટ્રોજન અને ૧૦૦% ફોસ્ફરસ અને પોટેશિયમ પાયામાં અને ૫૦% નાઇટ્રોજન ફેરરોપણીના ૩૦ દિવસ બાદ) આપવુ તેમજ જૈવિક ખાતરો એઝોસ્પારીલમ અને પી.એસ.બી ૧૦$^{૮}$ સી.એફ.યુ./મિ.લિ., બન્ને ૧.૨૫ લિ./હે. પ્રમાણે જમીનમાં આપવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મળે છે સાથે દરિયાકાંઠાની ક્ષારગ્રસ્ત જમીનમાં નાઈટ્રોજન અને ફોસ્ફરસની લભ્યતામાં વધારો થાય છે.<br>**Approved with following suggestions:**<br>1. Mention RBD (Factorial concept) instead of FRBD<br>2. No. of picking date mention in cultural operation<br>3. Verify N price<br>4. Verify the data of $P_2O_5$ in soil |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | (***Action:*** *Research Scientist, SWMRU, NAU, Navsari*) |
| **18.2.1.40** | **Response of different fodder grasses to gypsum application under coastal saline-sodic soil** (**14.2.3.65**)<br>The farmers of coastal areas of South Gujarat are recommended to grow Hy. Napier grass or guinea grass and apply gypsum @ 75% of GR before sowing for getting higher green fodder yield, net returns and decrease soil sodicity.<br>**દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે લીલા ઘાસચારા માટે હાઇબ્રીડ નેપીયર ઘાસ અથવા ગિની ઘાસનું વાવેતર કરી વાવણી પહેલા ૭૫% જી.આર. ના દરે જીપ્સમ આપવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મળે છે અને જમીનની ભાસ્મીક્તા ઘટે છે**<br>**Approved with following suggestion:**<br>1. Mention varieties of different grasses in the report<br>(***Action:*** *Research Scientist, SWMRU, NAU, Navsari*) |
| **18.2.1.41** | **Effect of integrated nutrient management on *rabi* vegetable crops in rice-based crop sequence in clay soils of South Gujarat** (**14.2.3.67**)<br>The farmers of South Gujarat following *rabi* vegetable crops after *kharif* rice are recommended to adopt rice-radish cropping sequence. Apply bio compost @ 10 t/ha to radish crop as basal and foliar spray of enriched novel organic liquid nutrients 1% at 20 and 40 DAS for achieving higher yield and net realization.<br>**દક્ષિણ ગુજરાત વિસ્તારના ખેડૂતોને ચોમાસું ડાંગર-રવી શાકભાજી પાક પધ્ધતિમાં ડાંગર-મૂળા પાક પધ્ધતિ અપનાવવા ભલામણ કરવામાં આવે છે. મૂળાના પાકની વાવણી પહેલાં બાયોકમ્પોસ્ટ ૧૦ ટન/હે. આપવાથી અને ૧% એનરીચ્ડ નોવેલ ઓર્ગેનિક લિક્વિડ ન્યુટ્રીયન્ટસનો વાવેતર બાદ ૨૦ અને ૪૦ દિવસે છંટકાવ કરવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી શકાય છે.**<br>**Approved with following suggestions:**<br>1. Mention year wise inputs composition in the report.<br>2. Check CD value in the Table 1.7<br>(***Action:*** *Research Scientist, SWMRU, NAU, Navsari*) |
| **18.2.1.42** | **Effect of zinc on hybrid rice under South Gujarat** (**15.2.3.44**)<br>The farmers of South Gujarat transplanting hybrid rice in *kharif* season are recommended to spray 0.05% Zn EDTA at tillering and panicle initiation stages for getting higher yield, net return and Zinc content.<br>**દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ચોમાસુ ઋતુમાં હાઈબ્રીડ ડાંગરની ફેરરોપણી કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ડાંગરમાં ૦.૦૫% ઝીંક ઇડીટીએ (Zn EDTA)નો છંટકાવ ફૂટ અને કંટી નિકળવાની અવસ્થાએ કરવાથી વધુ ઉત્પાદન ચોખ્ખો નફો અને ઝીંકનું પ્રમાણ વધે છે.**<br>**Approved with following suggestions:**<br>1. Check data of Panicle weight in Table 2.1<br>2. Add Zn content data in the report<br>3. Mention quantity in $T_2$ and $T_8$<br>(***Action:*** *Research Scientist, SWMRU, NAU, Navsari*) |
| **18.2.1.43** | **Effect of different sulphur levels on yield and quality of Bt. cotton** (**14.2.3.74**)<br>Farmers of South Gujarat growing Bt. cotton hybrid are recommended to apply sulphur 60 kg/ha through phospho-gypsum 250 kg/ha along with recommended dose of $P_2O_5$ (40 kg/ha) in form of single super phosphate (250 kg/ha) as basal dose and bio compost 5 t/ha at the time of land preparation and 240 kg nitrogen/ha in five equal splits (each of 48 kg N/ha) at 30, 60, 75, 90 and 105 days after sowing for achieving higher seed cotton yield and net income. |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | દક્ષિણ ગુજરાતના બીટી સંકર કપાસનુ વાવેતર કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે સલ્ફર તત્વ ૬૦ કિ.ગ્રા./હે. પ્રમાણે આપવા માટે ૨૫૦ કિ.ગ્રા. ફોસ્ફો-જીપ્સમ સાથે ભલામણ થયેલ ફોસ્ફરસ (૪૦ કિ.ગ્રા./હે.) માટે ૨૫૦ કિ.ગ્રા./હે. સિંગલ સુપર ફોસ્ફેટના રૂપમાં પાયાનાં ખાતર તરીકે તથા બાયોકંપોસ્ટ ૫ ટન/હે. જમીનની તૈયારી સમયે અને ૨૪૦ કિ.ગ્રા. નાઇટ્રોજન/હે. પાંચ સરખા હપ્તામાં (૪૮ કિ.ગ્રા. નાઇટ્રોજન/હે.) વાવણી બાદ ૩૦, ૬૦, ૭૫, ૯૦ અને ૧૦૫ દિવસે આપવાથી કપાસનુ વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી શકાય છે.<br>(***Action:*** *Research Scientist, MCRS, NAU, Surat*) |
| **18.2.1.44** | **Studies on sowing dates and spacing on vegetable pigeonpea grown during pre-monsoon (13.2.3.58)**<br>The farmers of South Gujarat growing vegetable pigeonpea during *kharif* season are recommended that pre-monsoon to onset of monsoon sowing (30 April to 17 June) of pigeonpea gives comparable yield. Further, they are recommended to sow the crop at 180 cm x 45 cm for achieving higher net return and easy cultural operations.<br>દક્ષિણ ગુજરાતના ખરીફ ઋતુમાં શાકભાજી તુવેર ઉગાડતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે તુવેરની વાવણી ચોમાસા પહેલાં વહેલી કરવાથી ચોમાસુ વાવેતર (૩૦ એપ્રિલ થી ૧૭ જુન) જેટલું જ ઉત્પાદન મળે છે. વધુમાં, વધુ આવક તેમજ ખેતી કાર્યોમાં સરળતા માટે પાકનું વાવેતર ૧૮૦ સે.મી. x ૪૫ સે.મી.ના અંતરે કરવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestions:**<br>1. Add green pod equivalent yield data in the report<br>2. Verify the cost of cultivation in treatment $S_2$<br>(***Action:*** *Associate Research Scientist, CRSS, NAU, Achhalia*) |
| **18.2.1.45** | **Studies on intercropping of grain legumes in sorghum (14.2.3.76)**<br>The farmers of South Gujarat growing sorghum during *kharif* season are recommended to sow the sorghum + black gram in 2:1 proportion at 30 cm apart with plant to plant spacing of 15 cm for sorghum and 10 cm for black gram to achieve higher yield and net return on system basis as well as efficient use of land.<br>દક્ષિણ ગુજરાતમાં ચોમાસુ જુવાર ઉગાડતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને આવક મેળવવા તેમજ જમીનના કાર્યક્ષમ ઉપયોગ માટે ૩૦ સે.મીના અંતરે ૨:૧ના પ્રમાણમાં જુવાર + અડદ આંતરપાક લેવા અને જુવારનું બે છોડ વચ્ચે ૧૫ સે.મી. અને અડદનું બે છોડ વચ્ચે ૧૦ સે.મી. અંતરે વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestion:**<br>1. Verify data of Table 2.8<br>(***Action:*** *Associate Research Scientist, CRSS, NAU, Achhalia*) |
| **18.2.1.46** | **Effect of seed priming and irrigation on seed production of *rabi* sunnhemp under *kyari* land of south Gujarat (14.2.3.77)**<br>The sunnhemp seed producing farmers of South Gujarat are recommended to prime the seeds with *Rhizobium* or PSB or *Rhizobium* + PSB (1 x $10^8$ cfu/ml) each of 10 ml/kg seed in 2 L water for 2 hrs and irrigate the crop immediately after sowing and second irrigation at 30 DAS in *rabi* season for obtaining higher yield and net return.<br>દક્ષિણ ગુજરાત વિસ્તારના શિયાળુ ઋતુમાં શણ બીજ ઉત્પાદન કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે રાયઝોબિયમ અથવા પી.એસ.બી. અથવા રાયઝોબિયમ + પી.એસ.બી. (૧ x $૧૦^૮$ સીએફયુ/ મિ.લિ.) દરેક કલ્ચર ૧૦ મિ.લિ. પ્રતિ કિ.ગ્રા બીજ ૨ લિ. |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | પાણીમાં ૨ કલાક સુધી બોળીને બીજનું વાવેતર કરવું અને પ્રથમ પિયત વાવણી બાદ તુરત જ અને બીજુ પિયત ૩૦ દિવસે આપવાથી વધારે ઉત્પાદન અને ચોખ્ખો નફો મળે છે. (*Action:* *Professor & Head, Department of Agronomy, NMCA, NAU, Navsari*) |

**18.2.1.47**

**Weed management with pre and post emergence herbicides in linseed (14.2.3.78)**

The farmers of South Gujarat growing linseed are recommended to carry out interculturing followed by hand weeding at 20 and 40 days after sowing for effective weed management and obtaining economical yield.

દક્ષિણ ગુજરાત વિસ્તારના અળસીની ખેતી કરતાં ખેડૂતોને નીંદણના અસરકારક નિયંત્રણ કરવા અને અર્થક્ષમ ઉત્પાદન માટે ૨૦ અને ૪૦ દિવસે આંતરખેડ અને નીંદણ કરવાની ભલામણ કરવામાં આવે છે.

**Approved with following suggestions:**

1. Treatment $T_2$ recommend for farmers
2. This recommendation consider as scientific community
3. Add formulation of the products

(***Action:*** *Professor & Head, Department of Agronomy, NMCA, NAU, Navsari*)

**18.2.1.48**

**Identification of cropping systems module for different farming systems (14.2.3.80)**

The farmers of South Gujarat are recommended to adopt the following cropping systems for different purposes.

| Cropping system | Purpose |
|---|---|
| Rice - Fenugreek (V) - Cluster bean (V) crop sequence | Yield and income enhancement |
| Rice – Green gram - Pearlmillet crop sequence | Improve soil health |
| Rice-Indian bean (V) - Sesamum crop sequence | Family nutrition |
| Rice - Lucerne (continue) crop sequence | Livestock nutrition |

દક્ષિણ ગુજરાત વિસ્તારના ખેડૂતોને વિવિધ હેતુઓ માટે નીચે મુજબની પાક પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે.

| પાક પધ્ધતિ | હેતુ |
|---|---|
| ડાંગર - મેથી (શાકભાજી) – ગુવાર (શાકભાજી) પાક પધ્ધતિ | વધુ ઉત્પાદન અને આવક |
| ડાંગર - મગ - બાજરા પાક પધ્ધતિ | જમીનની ફળદ્રુપતા માટે |
| ડાંગર - પાપડી (શાકભાજી) - તલ પાક પધ્ધતિ | કુટુંબના પોષણ માટે |
| ડાંગર - રજકો પાક પધ્ધતિ | પશુઓના પોષણ માટે |

(***Action:*** *Professor & Head, Department of Agronomy, NMCA, NAU, Navsari*)

**18.2.1.49**

**Effect of spacing and organic manure on growth, yield and quality of organically grown banana cv. Grand naine (15.2.3.54)**

The farmers of South Gujarat Agro-climatic Zone growing banana organically are recommended to apply 300 g N/plant through NADEP compost (26.5 kg/plant NADEP compost containing 1.13% N) in three equal splits at the time of planting, 30 and 60 days after planting either keep the spacing of 2.1 m x 1.5 m or 1.8 m x 1.5 m for achieving higher yield and net profit. Further, apply bio-fertilizers 5 L/ha (*Azotobacter*, PSB and KMB, $10^8$ cfu/ml) at the time of planting. Also drench *Jivamrut* at monthly interval starting from planting in five equal splits (200 ml/plant/split).

દક્ષિણ ગુજરાત વિસ્તારમાં સેન્દ્રિય ખેતીથી કેળા ઉગાડતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | ચોખ્ખું વળતર મેળવવા માટે ૨.૧ મી. x ૧.૫ મી. અથવા ૧.૮ મી. x ૧.૫ મી. નાં અંતરે રોપણી કરી ભલામણ કરેલ ૩૦૦ ગ્રામ નાઈટ્રોજન/છોડ નાડેપ કમ્પોસ્ટ (૧.૧૩% નાઈટ્રોજન ધરાવતું ૨૬.૫ કિ.ગ્રા./છોડ નાડેપ કમ્પોસ્ટ) દ્વારા ત્રણ સરખા હપ્તામાં રોપણી સમયે, રોપણીનાં ૩૦ અને ૬૦ દિવસ પછી આપવાની ભલામણ કરવામાં આવે છે. વધુમાં, રોપણી સમયે જૈવિક ખાતરો ૫ લિ./હે. (એઝેટોબેક્ટર, પીએસબી અને કેએમબી, દરેક ૧૦$^{૮}$ જીવંત કોષ/મિ.લિ.) આપવા. રોપણીનાં એક મહિના બાદ જીવામૃત પણ પાંચ સરખા હપ્તામાં (૨૦૦ મિ.લિ./ છોડ/ હપ્તો) એક મહિનાનાં અંતરે રેડવું.<br>(***Action:*** *Assoc. Prof., Dept. of Soil Sci. & Agril. Chem., ACHF, NAU, Navsari)* |
| **18.2.1.50** | **Suitability of various turmeric varieties under organic farming (15.2.3.55)**<br>The farmers of South Gujarat Agro-climatic Zone growing turmeric (variety: Salem or Sugandhum) organically are recommended to apply 100% RDN through NADEP compost (5.5 t/ha NADEP compost containing 1.08% N) for achieving higher yield and net profit. They have to plant turmeric at 30 cm x 20 cm spacing on 90 cm raised bed having 15 cm height and keep spacing 50 cm between the beds. Further, apply bio-fertilizers 5 L/ha (*Azotobacter* and PSB, $10^8$ cfu/ml) and sow dhaincha as a green manure at the time of planting. Also drench of *Jivamrut* 1500 L/ha in three equal splits at 45, 60 and 75 DAP.<br>દક્ષિણ ગુજરાત વિસ્તારમાં સેન્દ્રિય ખેતીથી હળદર (જાત: સાલેમ અથવા સુગંધમ) ઉગાડતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખું વળતર મેળવવા માટે ભલામણ કરેલ ૧૦૦% નાઈટ્રોજનનો જથ્થો નાડેપ કમ્પોસ્ટ (૧.૦૮ % નાઈટ્રોજન ધરાવતું ૫.૫ ટન/હે. નાડેપ કમ્પોસ્ટ) દ્વારા રોપણી પહેલાં આપવાની ભલામણ કરવામાં આવે છે. તેઓએ ૧૫ સે.મી. ઉંચાઈનાં ૯૦ સે.મી. પહિળા ગાદીક્યારા પર હળદરની રોપણી ૩૦ સે.મી. x ૨૦સે.મી.નાં અંતરે કરવી અને બે ગાદીક્યારા વચ્ચે ૫૦ સે.મી. અંતર રાખવું. વધુમાં, રોપણી સમયે જૈવિક ખાતરો ૫ લિ./હે (એઝેટોબેકટર અને પીએસબી દરેક ૧૦૮ જીવંત કોષ/મિ.લિ.) આપવા અને ઇક્કડને રોપણી સમયે વાવી આવરણ તરીકે ઉપયોગ કરવો. જીવામૃત ૧૫૦૦ લિ./હે. પણ ત્રણ સરખા હપ્તામાં રોપણીનાં ૪૫, ૬૦ અને ૭૫ દિવસ બાદ રેડવું.<br>(***Action:*** *Associate Prof., Dept. of Soil Sci. & Agril. Chem., ACHF, NAU, Navsari*) |
| **18.2.1.51** | **Weed management in cotton (14.2.3.85)**<br>Farmers of South Gujarat growing cotton crop are recommended to manage the weeds by adopting stale seedbed techniques by removing first flush of weeds (either by application of glyphosate 41% SL 1.0 kg a.i./ha (49 ml/10 L) or through shallow tillage after 15 days of light irrigation) during off-season then application of pendimethalin 30% EC 0.9 kg a.i./ha (60 ml/10 L) PE *fb* quizalofop-ethyl 5% EC 50 g a.i./ha (20 ml/10 L)and pyrithiobac sodium 10 % EC 75 g a.i./ha (15 ml/10 L) (tank mix) at 50 DAS during crop season for producing higher and profitable yield of cotton crop.<br>દક્ષિણ ગુજરાતમાં કપાસ ઉગાડતાં ખેડૂતોને નીંદણ વ્યવસ્થાપન માટે કપાસની વાવણીના ૨૦ થી ૨૫ દિવસ પહેલા હળવું પિયત આપી ૧૫ દિવસ બાદ નીંદણના પ્રથમ ઉગાવાનો નાશ કરી (જેના માટે ગ્લાયફોસેટ ૪૧% એસએલ ૧ કિ.ગ્રા. સ.ત./હે. (૪૯ મિ.લિ./૧૦ લિ.) પ્રમાણે છંટકાવ કરવો અથવા હળવી ખેડ કરવી) વાવણી બાદ તુરંત પેંડિમેથાલીન ૩૦% ઇસી ૦.૯ કિ.ગ્રા. સ.ત./હે. (૬૦ મિ.લિ./૧૦ લિ.) તથા ૫૦ દિવસે ક્વિઝાલોફોપ ઈથાઈલ ૫% ઇસી ૫૦ ગ્રામ સ.ત./હે. (૨૦ મિ.લિ./૧૦ લિ.) અને પાયરીથાયોબેક સોડિયમ ૧૦% ઇસી ૭૫ |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | ગ્રામ સ.ત./હે. (૧૫ મિ.લિ./૧૦ લિ.) પ્રમાણે મિશ્રણ તૈયાર કરી છંટકાવ કરવાથી કપાસનું વધુ તેમજ નફાકારક ઉત્પાદન મેળવી શકાય છે.<br>**Approved with following suggestion:**<br>1. Remove acknowledgement from the report<br>(***Action:*** *Professor of Agronomy, CoA, NAU, Bharuch)* |
| **18.2.1.52** | **Response of cotton to tillage and different intercropping system under rainfed condition of south Gujarat (13.2.3.54)**<br>The farmers of South Gujarat are recommended to carryout sub-soiling (30 cm) or deep ploughing (22.5 cm) followed by cultivation with cultivator for obtaining higher and profitable yield of cotton. Besides, intercropping of black gram or green gram (1:2) found remunerative.<br>દક્ષિણ ગુજરાતમાં કપાસ ઉગાડતાં ખેડૂતોને વધુ તેમજ નફાકારક ઉત્પાદન મેળવવા માટે સબસોઇલિંગ (૩૦ સે.મી.) અથવા ઊંડી ખેડ (૨૨.૫ સે.મી.) કર્યા બાદ કલ્ટીવેટરથી ખેડ કરવાની ભલામણ કરવામાં આવે છે. વધુમાં અડદ અથવા મગનો આંતરપાક (૧:૨) ફાયદાકારક જણાયેલ છે.<br>**Approved with following suggestion:**<br>1. Verify cost of cultivation data<br>(***Action:*** *Professor of Agronomy, CoA, NAU, Bharuch)* |
| **18.2.1.53** | **Soil test based fertilizer recommendation for targeted yields of Indian bean (12.2.3.13)**<br>**Suggestion: Concluded**<br>(***Action:*** *Nodal Officer (Megaseed) & Unit Head, PCRS, NAU, Navsari)* |
| **18.2.1.54** | **Nutrient management in fodder cowpea-maize under south Gujarat condition (14.2.3.79)**<br>**Suggestion: Concluded**<br>(***Action:*** *Professor & Head, Department of Agronomy, NMCA, NAU, Navsari*) |

## SARDARKRUSHINAGAR DANTIWADA AGRICULTURAL UNIVERSITY

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| **18.2.1.55** | **Nitrogen management through organics on the basis of STV in sorghum (dry fodder)-lucerne cropping system (10.2.4.1)**<br>The farmers of North Gujarat Agro-climatic Zone IV adopting forage sorghum-lucerne crop sequence under organic farming are recommended to apply 50% RDN through FYM (9615 kg/ha to sorghum and 2404 kg/ha to lucerne) and 50% RDN through vermicompost (3333 kg/ha to sorghum and 833 kg/ha to lucerne) or 50% RDN through FYM (9615 kg/ha to sorghum and 2404 kg/ha to lucerne) + 25% RDN through VC (1667 kg/ha to sorghum and 417 kg/ha to lucerne) + 25% RDN through castor cake (658 kg/ha to sorghum and 164 kg/ha to lucerne) or 33% RDN each through FYM (6410 kg/ha to sorghum and 1603 kg/ha to lucerne), vermicompost (2222 kg/ha to sorghum and 556 kg/ha to lucerne) and castor cake (877 kg/ha to sorghum and 219 kg/ha to lucerne) based on low STV to both the crops for obtaining higher sorghum dry fodder equivalent yield, fodder quality and improving soil fertility.<br>ઉત્તર ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર ૪ ના સેન્દ્રિય ખેતીથી ઘાસચારા જુવાર-રજકા પાક પધ્ધતિનુ વાવેતર કરતાં ખેડૂતોને જુવારના સુકા ઘાસચારા સમકક્ષ વધુ ઉત્પાદન મેળવવા, ઘાસની ગુણવત્તા અને જમીનની ફળદ્રુપતા વધારવા માટે ઘાસચારાની જુવાર અને રજકાના પાકને ભલામણ કરેલ ખાતરના ૫૦% નાઇટ્રોજન છાણીયા ખાતરના રૂપે (હેક્ટર દીઠ |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | જુવારને ૯૬૧૫ કિ.ગ્રા. અને રજકાને ૨૪૦૪ કિ.ગ્રા.) અને ૫૦%નાઇટ્રોજન અળસીયાના ખાતરના રૂપે (હેક્ટર દીઠ જુવારને ૩૩૩૩ કિ.ગ્રા. અને રજકાને ૮૩૩ કિ.ગ્રા.) અથવા ૫૦% નાઇટ્રોજન છાણીયા ખાતરના રૂપે (હેક્ટર દીઠ જુવારને ૯૬૧૫ કિ.ગ્રા. અને રજકાને ૨૪૦૪ કિ.ગ્રા.), ૨૫% નાઇટ્રોજન અળસીયાના ખાતરના રૂપે (હેક્ટર દીઠ જુવારને ૧૬૬૭ કિ.ગ્રા. અને રજકાને ૪૧૭ કિ.ગ્રા.) અને ૨૫% નાઇટ્રોજન દિવેલી ખોળના રૂપે (હેક્ટર દીઠ જુવારને ૬૫૮ કિ.ગ્રા. અને રજકાને ૧૬૪ કિ.ગ્રા.) અથવા ૩૩% નાઇટ્રોજન છાણીયા ખાતરના રૂપે (હેક્ટર દીઠ જુવારને ૬૪૧૦ કિ.ગ્રા. અને રજકાને ૧૬૦૩ કિ.ગ્રા.), ૩૩% નાઇટ્રોજન અળસીયાના ખાતરના રૂપે (હેક્ટર દીઠ જુવારને ૨૨૨૨ કિ.ગ્રા. અને રજકાને ૫૫૬ કિ.ગ્રા.) અને ૩૩% નાઇટ્રોજન દિવેલી ખોળના રૂપે (હેક્ટર દીઠ જુવારને ૮૭૭ કિ.ગ્રા. અને રજકાને ૨૧૯ કિ.ગ્રા.) નાઇટ્રોજનની ઉણપ ધરાવતી જમીનમાં બંને પાકોમાં આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestions:**<br>1. Add the data of nutrient content (year wise) in different organic inputs used in the experiment.<br>2. Clarify the quantity of nitrogen applied on the basis of STV *i.e.* low, medium and high.<br>*(**Action**: Research Scientist, IFS, SDAU, Sardarkrushinagar)* |
| **18.2.1.56** | **Efficiency of different incubating material for PROM in wheat (14.2.3.87)**<br>The farmers of North Gujarat Agro-climatic Zone IV growing wheat are recommended to replace DAP (60 kg $P_2O_5$ /ha) with Udaipur Rock Phosphate (31% $P_2O_5$) @ 198 kg/ha incubated for 30 days with FYM (593 kg) or vermicompost (593 kg) or compost (593 kg) or vegetable waste (593 kg) or cow urine (593 L) (1:3 ratio) applied as basal along with 120 kg nitrogen/ha (60 kg N/ha as basal and 60 kg N/ha at 21 DAS) for obtaining higher yield and net returns.<br>ઉત્તર ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર ૪ના ઘઉંનું વાવેતર કરતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે ૬૦ કિ.ગ્રા. ફોસ્ફરસ/હે. ડીએપીના રૂપમાં આપવાના બદલે પાયામાં ૧૯૮ કિ.ગ્રા. ઉદેપુર રોક ફોસ્ફેટ (૩૧% ફોસ્ફરસ) ને ૧:૩ના પ્રમાણમાં છાણીયા ખાતર (૫૯૩ કિ.ગ્રા.) અથવા અળસીયાના ખાતર (૫૯૩ કિ.ગ્રા.) અથવા કહોવાયેલો કચરો (કમ્પોસ્ટ) (૫૯૩ કિ.ગ્રા.) અથવા શાકભાજીનો કચરો (૫૯૩ કિ.ગ્રા.) અથવા ગૌમૂત્ર (૫૯૩ લિ.) સાથે ૩૦ દિવસ સુધી ઇન્ક્યુબેટ કરવું આ ઉપરાંત ૧૨૦ કિ.ગ્રા. નાઇટ્રોજન/હે. (૬૦ કિ.ગ્રા./હે. પાયામાં અને ૬૦ કિ.ગ્રા./હે. વાવણી બાદ ૨૧ દિવસે) આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>*(**Action:** Research Scientist, IFS, SDAU, Sardarkrushinagar)* |
| **18.2.1.57** | **Effect of foliar spray of nutrients on pearlmillet under dryland condition (14.2.3.92)**<br>The farmers of North Gujarat Agro-climatic Zone IV growing pearlmillet under rainfed conditions are recommended to apply two foliar sprays of water soluble complex fertilizer 19-19-19 N-$P_2O_5$-$K_2O$ and minimum after three hours, spray $ZnSO_4.7H_2O$ (21% Zn) each @ 0.5% at tillering and flowering stages in addition to 75% RDF (60 kg N and 30 kg $P_2O_5$/ha) for obtaining higher yield and net returns.<br>ઉત્તર ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર ૪માં વરસાદ આધારિત બાજરી ઉગાડતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા માટે ભલામણ કરેલ રાસાયણિક ખાતરના ૭૫% (હેક્ટર દીઠ ૬૦ કિ.ગ્રા. નાઈટ્રોજન તેમજ ૩૦ કિ.ગ્રા. ફોસ્ફરસ) ઉપરાંત પાણીમાં દ્રાવ્ય ખાતર ૧૯:૧૯:૧૯ ના:ફો:પો અને ઓછામાં ઓછા ત્રણ કલાક પછી ઝીંક સલ્ફેટ (૨૧% જસત) |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | દરેકના ૦.૫% દ્રાવણનો (૫ ગ્રામ/લિ.) ફૂટ અને ફૂલ અવસ્થાએ છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestions:**<br>1. Verify the data of economics (Put the data of variable cost) in the text.<br>***(Action:*** *Research Scientist, CNRM, SDAU, Sardarkrushinagar)* |
| 18.2.1.58 | **Integrated nitrogen management in castor-cluster bean crop rotation under rainfed condition (12.2.4.9)**<br>The farmers of North Gujarat Agro-climatic Zone IV adopting castor-clusterbean crop rotation under rainfed conditions are recommended to apply 30 kg N/ha through chemical fertilizer and 30 kg N/ha through vermicompost (2500 kg/ha) to castor and 10 kg N/ha through chemical fertilizer and 10 kg N/ha through vermicompost (830 kg/ha) to cluster bean and 40 kg $P_2O_5$/ha as basal and *Azotobacter* (Azo 8) + PSB (each @ 5 ml/kg seed) as seed treatment to both the crops for obtaining higher castor equivalent yield and net returns.<br>ઉત્તર ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર ૪ માં વરસાદ આધારિત દિવેલા અને ગુવારની પાક ફેરબદલી અપનાવતા ખેડૂતોને દિવેલા સમકક્ષ વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે દિવેલાને હેક્ટર દીઠ ૩૦ કિ.ગ્રા. નાઈટ્રોજન રાસાયણિક ખાતરના રૂપમાં અને ૩૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અળસિયાના ખાતરના (૨૫૦૦ કિ.ગ્રા./હે.) રૂપમાં જ્યારે ગુવારને હેક્ટર દીઠ ૧૦ કિ.ગ્રા. નાઈટ્રોજન રાસાયણિક ખાતરના રૂપમાં અને ૧૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અળસિયાના ખાતરના (૮૩૦ કિ.ગ્રા./હે.) રૂપમાં આપવો તદ્ઉપરાંત બંને પાકોને હેક્ટર દીઠ પાયામાં ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ તેમજ એઝોટોબેકટર અને પી.એસ.બી. (દરેકના ૫ મિ.લી./કિ.ગ્રા. બીજ) ની બીજ માવજત આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>***(Action:*** *Research Scientist, CNRM, SDAU, Sardarkrushinagar)* |
| 18.2.1.59 | **Evaluation of different cow-based bio-enhancers for organic cultivation of chickpea (14.2.3.93)**<br>The farmers of North Gujarat Agro-climatic Zone IV growing chickpea under organic farming are recommended to apply vermicompost 1.5 t/ha or *Panchgavya* as foliar spray @ 3% at 30, 45, 60 DAS or FYM 5 t/ha or *Amrutpani* @ 500 L/ha with irrigation at sowing, 30, 45 DAS or banana sap as foliar spray @ 1% at 30, 45 and 60 DAS in addition to castor cake 400 kg/ha at the time of sowing for obtaining higher yield and net returns.<br>ઉત્તર ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર ૪માં સેંદ્રિય ખેતીથી ચણાનું વાવેતર કરતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે હેક્ટર દીઠ અળસિયાનું ખાતર ૧.૫ ટન અથવા ૩% પંચગવ્ય દ્રાવણનો છંટકાવ વાવણી બાદ ૩૦, ૪૫ અને ૬૦ દિવસે અથવા છાણિયુ ખાતર ૫ ટન અથવા ૫૦૦ લિ. અમૃતપાણી વાવણી વખતે, ૩૦ અને ૪૫ દિવસે પિયત સાથે અથવા કેળના થડના રસનો ૧% દ્રાવણનો છંટકાવ ૩૦, ૪૫ અને ૬૦ દિવસે તદ્ઉપરાંત હેક્ટર દીઠ ૪૦૦ કિ.ગ્રા. દિવેલી ખોળ જમીન તૈયાર કરતી વખતે આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>***(Action:*** *Research Scientist, CNRM, SDAU, Sardarkrushinagar)* |
| 18.2.1.60 | **Evaluation of different cow-based bio-enhancers for organic cultivation of fenugreek (14.2.3.95)**<br>The farmers of North Gujarat Agro-climatic Zone IV growing fenugreek under organic farming are recommended to apply vermicompost 1.5 t/ha or *Panchgavya* as foliar spray @ 3% at 30, 45, 60 DAS or FYM 5 t/ha in addition to castor cake 400 kg/ha at the time of sowing for obtaining higher yield and net returns<br>ઉત્તર ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર ૪માં સેંદ્રિય ખેતીથી મેથીનું વાવેતર કરતાં |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે હેક્ટર દીઠ અળસિયાનું ખાતર ૧.૫ ટન અથવા ૩% પંચગવ્ય દ્રાવણનો છંટકાવ વાવણી બાદ ૩૦, ૪૫ અને ૬૦ દિવસે અથવા છાણિયુ ખાતર ૫ ટન તદઉપરાંત હેક્ટર દીઠ ૪૦૦ કિ.ગ્રા. દિવેલી ખોળ જમીન તૈયાર કરતી વખતે આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestion:**<br>1. Add the data of nutrient content (year wise) in FYM and vermicompost in the text.<br>***(Action:** Research Scientist, CNRM, SDAU, Sardarkrushinagar)* |
| **18.2.1.61** | **Effect of date of sowing and spacing on summer *kalingada* for vegetable purpose (15.2.3.9)**<br>The farmers of North Gujarat Agro-climatic Zone IV growing summer *kalingada* for vegetable purpose are recommended to sow the crop during second week of February at 1.0 m × 1.0 m spacing for obtaining higher yield and net returns.<br>ઉતર ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર ૪ના ઉનાળુ શાકભાજી માટે કાળીંગડા વાવતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે પાકની વાવણી ફેબ્રુઆરી માસના બીજા અઠવાડિયા દરમ્યાન ૧ મી. x ૧ મી. ના અંતરે કરવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestions:**<br>1. Replace the word “leaf temperature” by “canopy temperature” in the title of Table-4.<br>2. Give the seed rate used for three different spacing treatments in point no 7.7 of the text.<br>***(Action:** Associate Research Scientist, Crop Improvement, SDAU, SKNagar)* |
| **18.2.1.62** | **Response of castor hybrid GCH 8 to spacing and date of sowing under drip irrigation (14.2.3.100)**<br>The farmers of North Gujarat Agro-climatic Zone IV growing castor hybrid GCH 8 under drip irrigation (0.8 PEF) are recommended to sow the crop during third week of August to first week of September at 150 cm × 120 cm or third week of August at 180 cm × 150 cm spacing for getting higher yield and net returns.<br>ઉત્તર ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર ૪ના ટપક પિયત (૦.૮ પી.ઇ.એફ.) હેઠળ દિવેલાની સંકર જાત જીસીએચ ૮ નું વાવેતર કરતાં ખેડૂતોએ વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે પાકને ઓગસ્ટ માસના ત્રીજા અઠવાડિયાથી સપ્ટેમ્બર માસના પ્રથમ અઠવાડિયા સુધી ૧૫૦ સે.મી. × ૧૨૦ સે.મી. અથવા ઓગસ્ટ માસના ત્રીજા અઠવાડિયા દરમ્યાન ૧૮૦ સે.મી. × ૧૫૦ સે.મી. અંતરે વાવણી કરવાની ભલામણ કરવામાં આવે છે.<br>**Approved with following suggestions:**<br>1. Give the seed rate used for three different spacing treatments in point no 7.7 of the text.<br>***(Action:** Research Scientist, Castor and Mustard Res. Station, SDAU, SKNagar)* |
| **18.2.1.63** | **Split application of nitrogen in castor under drip irrigation (14.2.3.101)**<br>The farmers of North Gujarat Agro-climatic Zone IV growing castor under drip irrigation (0.8 PEF) are recommended to apply 135 kg N/ha, of which 25% (34 kg N/ha) RDN as basal and remaining 75% (101 kg N/ha) RDN in four equal splits at 30, 60, 90 and 120 DAS through fertigation for obtaining higher yield and net returns.<br>ઉત્તર ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર ૪ના ટપક પિયત (૦.૮ પી.ઇ.એફ.) હેઠળ દિવેલા વાવતાં ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે ૧૩૫ કિ.ગ્રા નાઈટ્રોજન/હે. આપવો જે પૈકી ૨૫% (૩૪ કિ.ગ્રા. ના./હે.) પાયામાં અને ૭૫% (૧૦૧ કિ.ગ્રા. ના./હે.) વાવણી |

| Sr. No. | Title/ Suggestions/ Action |
|---|---|
| | બાદ ૩૦, ૬૦, ૯૦ અને ૧૨૦ દિવસે ફર્ટીગેશનથી ચાર સરખા હપ્તામાં આપવાની ભલામણ કરવામાં આવે છે.<br>***(Action:** Research Scientist, Castor and Mustard Res. Station, SDAU, SKNagar)* |
| **18.2.1.64** | **Response of mustard to split application of nitrogen (14.2.3.102)**<br>The farmers of North Gujarat Agro-climatic Zone IV growing mustard are recommended to apply 37.5 kg N/ha, of which, 50 % as basal and remaining 50 % at 30 DAS along with recommended dose of phosphorus (50 kg/ha) and sulphur (40 kg/ha) as basal for obtaining higher yield. It also saves 25 % nitrogen.<br>ઉત્તર ગુજરાત ખેત આબોહવાકીય વિસ્તાર-૪ ના રાઇનું વાવેતર કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, હેક્ટર દીઠ વધુ ઉત્પાદન મેળવવા માટે ૩૭.૫ કિ.ગ્રા. નાઇટ્રોજન/હે. જે પૈકી ૫૦ % જથ્થો પાયામાં અને બાકીનો ૫૦% વાવણી બાદ ૩૦ દિવસે પૂર્તિ ખાતર તરીકે આપવું. આ ઉપરાંત ૫૦ કિ.ગ્રા./હે. ફોસ્ફરસ અને ૪૦ કિ.ગ્રા./હે. સલ્ફર પાયામાં આપવું. જેનાથી ૨૫% નાઇટ્રોજનની બચત થાય છે.<br>***(Action:** Research Scientist, Castor and Mustard Res. Station, SDAU, SKNagar)* |
